
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મીન**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ફાગણ માસ શરૂ થાય છે. આજે કાલસર્પ યોગ અને ગ્રહણ યોગ દૂર થાય છે. ચાંડાલયોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બારમે ચંદ્ર આજે આપને કંજૂસ બનાવે - ખોટા ખર્ચાથી દૂર રહેશો. અગિયાર મેં ચાર ગ્રહોની યુતિ લાભ સ્થાનમાં હોી આપને લાભ અપાવે - આર્થિક ફાયદા કરાવે - દિવસ આનંદમાં જાય.

**વૃષભ** ચોથે ચાંડાલ યોગ - સાતમે શનિ મંગળની યુતિ તથા દસમે સૂર્ય સાથે ત્રણ ગ્રહોની યુતિ - કેન્દ્રમાં આ યોગો સારા ગણાતા નથી પરંતુ આજે આપને અગિયાર મેં ચંદ્ર ટૂંકો લાભદાયક પ્રવાસ કરાવશે.

**મિથુન** ત્રીજે - છઠ્ઠે - નવમે - બધા જ ગ્રહો આવી જતા હોઈ મીશ્રફળ અપાવે પરંતુ દસમે ચંદ્ર આપને લોકપ્રિયતા અપાવે - બહેનોમાં તમો વધુ લોકપ્રિય થાઓ એવો બનાવ બને - દિવસ સારો.

**કર્ક** બીજે ચાંડાલ યોગ - પાંચમે શનિ મંગળની યુતિ - આઠમે સૂર્ય સાથે ત્રણ ગ્રહોની યુતિ - બધા જ ખરાબ યોગો છે. સંતાનોના પ્રશ્નો ઊભા થાય જે ઉકેલવામાં તમારો દિવસ પસાર થાય - પ્રવાસ ના કરવો.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ છે - સાતમે સૂર્ય ત્રણ ગ્રહો સાથે યુતિમાં છે - ચોથે મંગળ - શનિની યુતિ છે. બધા જ અશુભયોગો છે. આઠમે ચંદ્ર શરદી કરાવે - સાચવીને દિવસ પસાર કરવો.

**કન્યા** સાતમે ચંદ્ર આપને આજે શરદી - કફ - સળેખમ પીડા કરાવે - બારમે ચાંડાલ યોગ આપને મુશ્કેલીઓ લાવી શકે છે - સાચવીને દિવસ પસાર કરવો - સાવધ રહેવું.

**તુલા** અગિયારમે ચાંડાલ યોગ - બીજે શનિ મંગળની યુતિ તેમજ પાંચમે સૂર્યની ત્રણ ગ્રહો સાથેની યુતિના કારણે સંગનો તથા વિદ્યા પ્રાપ્તિમાં ખલેલ પહોંચવાના યોગો ઉભા થાય છે - સાવધ રહેવું.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં શનિ સાથે યુતિમાં છે - ચોથે સૂર્યની ત્રણ ગ્રહો સાથેની યુતિ છે. દસમે ચાંડાલ યોગ છે. આ બધા યોગો શારીરિક - માનસિક તંદુરસ્તી જોખમાવે તેવા છે - ખોટા વિચારોથી દૂર રહેવું - ડરવું નહીં.

**ધન** બારમે મંગળ - શનિની યુતિ આપને કોઈની સાથે શારીરિક - માનસિક યુદ્ધ કરાવે તેવી શક્યતા છે. ક્રોધ ઉપર કાબૂ રાખશો તો જ દિવસ શાંતિથી પસાર થશે. નવમે ગુરુ રાશિ પર દ્રષ્ટિ કરે છે. દિવસ ચડઉતરવાળો જશે.

**મકર** રાશિપતિની રાશિ ઉપર દ્રષ્ટિ તેમજ શનિની મંગળ સાથેની યુતિ તેમજ બીજે સૂર્ય સાથે ત્રણ ગ્રહોની યુતિ તેમજ આઠમે ચાંડાલ યોગ વિગેરે યોગો દિવસ આખો સારા નરસા પ્રસંગોથી પસાર કરાવે તેવા યોગ છે.

**કુંભ** રાશિમાં ચાર ગ્રહો તેમજ મંગળ - ગુરુ - રાહુની દ્રષ્ટિના કારણે તમારે સારા નરસા વિચારવાયુઓનો સામનો કરવો પડે તેમ છે. ઈચ્છો તો પણ તમે આમાંથી બહાર નહીં નીકળી શકો.

**મીન** આપની રાશિમાં ચંદ્ર છે - બારમે સૂર્ય છે - દિવસ દરમિયાન આપને ખોટા ખરચા થવાના યોગ છે. નવમે શનિ - મંગળની યુતિ છે જેમાં રાશિપતિ રાશિમાં છે તેથી જમીન - મકાનથી મોટો લાભ મળે.

## નાના હોલ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલગ હોય છે. દાખલાતરીકે ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપી દોડતી ૨૪ કોચની ટ્રેનને રોકવા માટે બે મિનિટ પર ખર્ચ ૨૪૫૦૬ રૂપિયા આવે છે. આવી જ રીતે ૧૮ કોચની એક ટ્રેનને રોકવાનો ખર્ચ ૨૩૫૭૮ રૂપિયા આવે છે. આવી જ રીતે ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેનને રોકવા પર ખર્ચ ૨૧૨૦૭ રૂપિયા થાય છે. રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે રેલવે પ્રધાન સુરેશ પ્રભુના નેતૃત્વમાં ખર્ચ અને આવકને લઈને તપાસ કરવામાં આવી છે. હવે ખર્ચને લઈને બ્રેક મુકવા પર હિલચાલ ચાલી રહી છે. રેલવેના અધિકારીઓએ કહ્યુ છે કે બચત કરવાની દિશામાં નવા નવા પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. જે પૈકી એક પાસા તરીકે નાના નાના હોલ્ટને ખતમ કરવાની બાબત પણ સામેલ છે.હાવડા-તાતાનગર સ્ટીલ એક્સપ્રેસ એક એવી ટ્રેન છે જેને જ્યારે શરૂ કરવામાં આવી ત્યારે હાવડા અને તાતાનગર વચ્ચે માત્ર ખડગપુર અને ઝારગામમાં રોકવામાં આવતી હતા. હવે આ ટ્રેન સરદીહા, ચકુલિયા, ઘાટસિલા અને રાખામાઈન્સ ઉપર પણ રોકવામાં આવે છે. રેલવે અધિકારીઓએ આ સંદર્ભમાં અગાઉ ધ્યાન દોરવામાં આવ્યું હતું અને કહેવામાં આવ્યું હતું કે, સરદીહા અને ખડગપુર વચ્ચે ૨૪ કિલોમીટરનું અંતર છે જ્યારે ચકુલિયા અને ઝારગામ વચ્ચે ૨૯ કિલોમીટરનું અંતર છે. આ ઉપરાંત અનેક પેસેન્જર ટ્રેનો છે જે આ સ્ટેશનો વચ્ચે દોડે છે. રેલવે અધિકારીએ કહ્યું હતું કે, કોઈપણ વિચારણા કર્યા વગર નુકસાન અને ખર્ચનો અંદાજ મુક્યા વગર નવા સ્ટોપ બનાવવામાં આવ્યા હતા. રેલવેના એક અધિકારીએ કહ્યું છે કે, એવા સમયમાં જ્યારે રેલવે આર્થિક સંકટમાં છે ત્યારે આનો હેતુ ખર્ચ કરવા ઉપર હોવો જોઈએ. દરરોજ વેચાતી ટિકિટોના હિસાબથી ટ્રેનને કયા સ્ટેશન પર રોકવામાં આવે અને ક્યાં રોકવામાં ન આવે તેના માટે નિયમ બનાયેલા છે.

મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોને એવા સ્ટેશનો ઉપર રોકવાના નિયમ નથી જ્યાંથી ટિકિટના વેચાણથી પુરતી રકમ મળતી નથી પરંતુ સમયની સાથે સાથે આ નિયમ પણ બદલી દેવામાં આવ્યા છે. રેલવે મંત્રીઓના પોતાના પણ રાજકીય હેતુ રહે છે. એના કારણે પણ નવા સ્ટોપ બનાવવાની માંગ સ્વીકારી લેવામાં આવતી હતી. અનેક વખતે સ્થાનિક સાંસદો અને ધારાસભ્યો રેલવે ઉપર દબાણ લાવતા હતા. વિરોધ કરવાની ધમકી પણ અપાતી હતી. પહેલા બે મિનિટના ટ્રેનના રોકાણ ઉપર કેટલો ખર્ચ છે તેના માટે જવાબ ન હતા પરંતુ હવે આના પણ આકડા છે.

## કલ્ચર ફેસ્ટીવલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને અરજી દાખલ કરવામાં આવી હતી જે અંગે ચુકાદો આવી ગયો છે. સાથે સાથે એનજીટીએ આ કાર્યક્રમના બદલામાં શ્રીશ્રીના આર્ટ ઓફ લિવિંગ પર પાંચ કરોડનો દંડ પણ લાદ્યો છે. આ અગાઉ જળ સંશાધન મંત્રાલય દ્વારા એનજીટીને કહેવામાં આવ્યું હતું કે, શ્રીશ્રી રવિશંકરના આ કાર્યક્રમને મંજુરી આપવામાં આવી નથી. આ મામલાઓને લઈને એનજીટીમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ભાજપ સાંસદ મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, શ્રીશ્રીના કાર્યક્રમને તમામ મંજુરી મળેલી છે. આ અગાઉ બુધવારના દિવસે સુનાવણી તરીકે એનજીટીએ પર્યાવરણની મંજુરીના મામલામાં તેના કહેવા મુજબ શપથપત્ર રજૂ નહીં કરવા પર પર્યાવણ અને વન્ય મંત્રાલયની જોરદાર ઝાટકણી કાઢી હતી. એનજીટીએ દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિને પણ પ્રશ્નો કર્યા હતા. તપાસ વગર યમુના નદીમાં એન્જાઈઝ નાખવાની મંજુરી આપી શકાય છે કે કેમ તેવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો. એનજીટીએ આ મામલામાં કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર અને ડીડીએને વિવિધ પ્રશ્નો કર્યા હતા અને કહ્યું હતું કે, એઓએલ કાર્યક્રમની તૈયારી અને તેના પરિણામ સ્વરુપ થનાર અસરના સંબંધમાં કોઈ પર્યાવરણના પ્રભાવના મુલ્યાંકનની સમીક્ષા કરવામાં આવી છે કે કેમ. દિલ્હી સરકારે એનજીટીને કહ્યું હતું કે, સીપીડબલ્યુડી દ્વારા રક્ષાત્મક સુરક્ષા સંબંધિત મામલાઓના કારણે આર્ટ ઓફ લિવિંગને વડાપ્રધાન માટે એક અલગ મંચ બનાવવા માટે કહેવામાં આવ્યું હતું. એનજીટીએ એઓએલથી મંચ બનાવવા, નદીના ડૂબેલા ક્ષેત્રને સમાન બનાવવા, કાટમાળને દૂર કરવા, કામચલાઉ પુલના નિર્માણ અને અન્ય મામલાઓના સંદર્ભમાં માહિતી આપવા કહેવામાં આવ્યું હતું. વન્ય અને પર્યાવણ મંત્રાલય દ્વારા એનજીટીમાં એક એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ડુબી ગયેલા ક્ષેત્રમાં અસ્થાયી માળખાને તૈયાર કરવા માટે કોઈપણ પર્યાવરણની મંજુરીની જરૂર દેખાતી નથી. દિલ્હી પોલીસનું કહેવું છે કે, વિશ્વ સાંસ્કૃતિક મહોત્સવના આયોજન સ્થળ ઉપર વર્તમાન ખામીને જો તરત દૂર કરવામાં નહીં આવે તો તેમાં ભાગદોડ અને અફડાતફડી મચી શકે છે. યમુના ખાતર ક્ષેત્રમાં ૧૧-૧૩મી માર્ચના દિવસે આયોજિત થનાર આ ઉત્સવના આયોજનની તૈયારી શ્રીશ્રી રવિશંકરના આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. અત્રે નોંધનીય છે કે, દિલ્હી યમુનાના પુરથી ડુબી જનાર ક્ષેત્રમાં સૂચિત વિવાદાસ્પદ ત્રણ દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમના સંબંધમાં કેટલાક પ્રશ્નો થઈ રહ્યા છે. એનજીટી દ્વારા એઓએલને એવી ખાતરી કરવા સૂચના આપી છે કે, યમુના નદીમાં નાંખવામાં એન્જાઈનથી પર્યાવરણથી નુકસાન થશે કે કેમ. કાર્યક્રમની શરૂઆત પહેલા પર્યાવરણીય વળતર જમા કરવા એઓએલને કહેવામાં આવ્યું છે. એનજીટી દ્વારા ડીડીએ ઉપર ૫ લાખનો દંડ લાદ્યો છે.

# પાલનપુરમાં ૨૦૦થી વધુ રેશનીંગ કાર્ડ રદ કરવા પાછળ પુરવઠાતંત્ર "પાડાના વાંકે પખાલીને ડામ" દીધો

### સને ૨૦૧૩માં કંટ્રોલની દુકાનના સંચાલક પારસમલ જૈનને ત્યાંથી ૧૦૦ થી વધુ ભૂતિયા રેશનકાર્ડ ઝડપાયા હતા

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણેક માસથી પુરવઠાતંત્રનો ભ્રષ્ટાચાર એક પછી એક બહાર આવી રહ્યો છે. શરૂઆતમાં સિદ્ધપુર પોલીસે પાલનપુર પુરવઠા માલ ગોડાઉનથી ભરેલી ટ્રક ઝડપાઈ. ત્યારબાદ ડીસા નજીક ભોંયણ નજીક ડીસાના કોંગી ધારાસભ્ય ગોવાભાઈ રબારીની જાગૃતતાથી ૬૧ બોરી ઘઉંનો જથ્થો ઝડપાયો. ત્યાર બાદ જિલ્લામથક પાલનપુરના માલ ગોડાઉનથી ઘઉંનો જથ્થો ૩૧૦ કટ્ટા ઝડપીને ગોડાઉનને કલેકટરની સૂચનાથી સીલ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી. ઉપરોક્ત ત્રણેય ગંભીર ઘટનાઓ પુરવઠાનો ગરીબોનો કોળીયો છીનવી લેનારા કાળા બજારીયાઓ સુધી સરકારી તંત્ર પહોંચવામા ભ્રષ્ટાચારને લીધે નિષ્ફળ રહ્યું છે.

તેવામાં પાલનપુરમાં આવેલ પારસમલ એન. જૈનની સસ્તા અનાજની દુકાનના રેશનકાર્ડ ધારકોના તપાસના અંતે પુરવઠા ખાતાએ ૨૦૦થી વધુ મોટે ભાગે લઘુમતી પ્રજાના રેશનકાર્ડ રદ કરી તેમનો હક્ક છીનવી લીધો છે. તે સંદર્ભે સ્થાનિક લઘુમતિ અગ્રણીઓ સાથે જેઓના રેશનકાર્ડ રદ કરાયા છે તેમના પરિવારજનોએ કલેક્ટરને આવેદનપત્ર આપી તાત્કાલિક તેમના રેશનકાર્ડ ચાલુ કરવા માંગણી કરી હતી.



આ સમગ્ર ઘટનાની ભિતરમાં તપાસ કરતાં જિલ્લા પુરવઠા અધિકારી અનસુયાબેન જહાએ જણાવેલ કે બનાસકાંઠાના તત્કાલીન કલેક્ટર જે.જી. હિંગરાજીયાના સમયમાં સને ૨૦૧૩માં સસ્તા અનાજની દુકાનના સંચાલક પારસમલ એન. જૈનની દુકાનમાં ચકાસણી દરમ્યાન ૧૧૬ બોગસ એટલે કે ભૂતિયા રેશનકાર્ડ ઝડપાયા હતા. તે સમયે આ દુકાનનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. તે કેસ ૨૦૧૫માં રિમાન્ડ થઈને અમલમાં આવતા હાલના કલેક્ટર દિલીપ રાણાની સૂચનાથી દુકાનના તમામ રેશન કાર્ડની ૧૦૦ ટકા ચકાસણી કરવાનો આદેશ કરાયો હતો. તેની તપાસ કરતાં ૨૩૮ રેશનકાર્ડ ધારકોની કોઈ વિગતો ના મળતા અને ચેકીંગ સમયે હાજર ના મળતા પંચનામુ કરી આ રેકોર્ડ હાલ પુરતા રદ કરવામાં આવ્યા છે. રદ કરાયેલા કાર્ડ ધારકો ૧૬ પૈકી એક પુરાવો ઓળખનો આપવાથી ચોક્કસ સરનામુ આપવાથી રેશનકાર્ડ ચાલુ કરી દેવાશે.

આમ આટલી મોટી સંખ્યામાં રેશનકાર્ડ રદ કરવા પાછળ તત્કાલીન સમયે મળેલ બોગસ રેકોર્ડને લીધે હાલ પણ તપાસને અંતે ૨૩૮ જેટલા રેશનકાર્ડ રદ કરાતા પુરવઠાતંત્રે પાડાના વાંકે પખાલીને ડામ દીધો હોવાની વાત આજે દિવસભર પાલનપુરના પુરવઠા સાથે સંકળાયેલા અને રદ કરાયેલ રેશનકાર્ડ ધારકોમાં ચર્ચાની એરણે ચઢી હતી.

# સાબલી (મહાભારત)માં વહેમીલા પતિએ ધારિયું ઝીંકી પત્નિની હત્યા કરી

હિંમતનગર, તા. ૯

ઈડર તાલુકાના સાબલી (મહાભારત)માં પતિએ પત્નિ પર આડાસંબંધનો વહેમ રાખી શિવરાત્રીના દિવસે જ ધારિયું મારી હત્યા કરી દીધી હતી. જે અંગેની ફરિયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે હત્યા કરી ભાગી છુટેલા પતિને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે જાદર પોલીસ સ્ટેશનના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબલી ગામે રહેતા હિતેશભાઈ રોમાજી ઠાકરડા અને તેના ભાઈ નરેશજી રોમાજી ઠાકરડા સગાભાઈ હોવાને નાતે ગામમાં રહેતા હતા. દરમિયાન નરેશજી ઠાકરડાએ અને તેના પત્નિ ગીતાબેનના ચારિત્ર્ય પર અવારનવાર વહેમ રાખી મારઝુડ કરવામાં આવતી હતી. જેથી ગીતાબેને તેના પિયરમાં જાણ કરી હતી. પરંતુ પોતાની દિકરીનો ઘર સંસાર બગડે નહિ તે આશયથી ગીતાબેનને સમજાવી સાબલી ગામે રહેવા સમજાવાઈ હતી. દરમિયાન શિવરાત્રીના દિવસે ગીતાબેન અને નરેશજી વચ્ચે ઝઘડો થયો હતો. જેથી ઉશ્કેરાઈ જઈને નરેશજીએ પોતાના ઘરમાં જ ગીતાબેનનું ધારિયાથી ગળુ કાપી નાખ્યું હતું. જેથી ગીતાબેન લોહીથી લથપથ થઈને ઢળી પડ્યા હતા. ત્યારબાદ હત્યારા નરેશજીએ પોતાના ભાઈ હિતેશભાઈ ઠાકરડાને હત્યા કરી હોવાનું જણાવીને ભાગી ગયો હતો.

બીજી તરફ હત્યારાના ભાઈ હિતેશભાઈએ તરત જ આ અંગે રૂવચ (બોલુન્દ્રા) ગામે રહેતા નરેશજીના સાળા અશોકભાઈ ઉર્ફે ગલબાજી બાલાજી ઠાકરડાને જાણ કરતા તેઓ બા-બાપુજી તથા કાકા કનુભાઈ સોમાજી ઠાકરડા, વિષ્ણુભાઈ સરતાનભાઈ અને સગા-સંબંધીઓ સાબલી ગામે દોડી આવ્યા હતા અને ઘરમાં જ ગીતાબેનની લાશ જોઈને હેબતાઈ ગયા હતા.

ત્યારબાદ તરત જ મૃતકના ભાઈ અશોકભાઈએ બનેવી નરેશજી વિરૂદ્ધ મંગળવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યારાને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. મૃતક ગીતાબેનને ત્રણ બાળકો છે. સાબલી ગામે રહેતા ગીતાબેને લગ્ન કર્યા બાદ દામ્પત્ય જીવનમાં તેમણે ૧૨ વર્ષ અને ૧૧ વર્ષના બે પુત્રો તથા ૧૦ વર્ષની જીનલ નામની પુત્રી છે.

# માછલી માટે મંત્રાલય બને તો ગાયો માટે ગૌ મંત્રાલય કેમ નહિ ?

માછલીઓ માટે સરકાર દ્વારા મંત્રાલય બનાવાય તો ગાયોની રક્ષા માટે ગૌ મંત્રાલય કેમ બનાવાતું નથી તે સમજવાની જરૂર છે. દેશના પાંચ રાજ્યોમાં આવેલ સેન્ટ્રલ જેલમાં સ્થાનિક રાજ્ય સરકાર દ્વારા ગૌ શાળા શરૂ કરાઈ છે ત્યારે ગાંધીના ગુજરાતમાં પણ તેનું અનુકરણ થવું જોઈએ. આ અંગે હિંમતનગર પધારેલા મુનિ કમલેશજીએ જણાવ્યું કે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ત્યાંની સરકારે ગૌરક્ષા માટે સેન્ટ્રલ જેલમાં ગૌ શાળા બનાવી છે. જેના કારણે સજા ભોગવી રહેલા પાકા કામના કેદીઓના વિચારો પણ બદલાઈ ગયા છે. દેશમાં આવેલા ૩૦ હજારથી વધુ મંદિરો અને આશ્રમોમાં જો ગૌ માતાની સેવા કરવા માટે ગૌ શાળા બનાવાય તો ગાયોની કતલ બંધ થઈ જશે. સરકાર દ્વારા કતલખાના બનાવવા સબસીડી આપવામાં આવે છે ત્યારે ગૌ રક્ષા માટે પણ સબસીડી આપવી જોઈએ તેમજ ગૌચરોનું રક્ષણ, ગૌ અભ્યારણ સહિત અન્ય મુદ્દાઓ પર સરકારે વિચાર કરીને ગાયને બચાવવા માટે રીસર્ચ સેન્ટરો શરૂ કરવા જોઈએ. જો પર્યાવરણને નુકશાન થાય તો તેની સામે પગલા લેવામાં આવે છે ત્યારે પાલતું પશુ ગણાતા ગાયના રક્ષણ માટે પણ આવો જ કાયદો હોવો જોઈએ.

## સલાહ મેળવે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સિસોદિયાના નેતૃત્વમાં સિંહા રાજ્યના ફાયનાન્સ વિભાગના અધિકારીઓ સાથે અને દિલ્હીના ધારાસભ્યોની સાથે ૧૫મી માર્ચે વાતચીત કરનાર છે. બજેટના વિવિધ પાસા પર બેઠકમાં ચર્ચા કરવામાં આવનાર છે. પૂર્વ કેન્દ્રિય નાણાં પ્રધાને કહ્યુ છે કે તેઓ ધારાસભ્યોની સાથે વાતચીત કરવા માટે દિલ્હી વિધાનસભા તરફથી મોકલવામાં આવેલા આમંત્રણને સ્વકારી ચુક્યા છે. સિંહા તેમને કેન્દ્ર સરકારના બજેટને તૈયાર કરવા અને પ્રક્રિયાના સંબંધમાં માહિતી આપશે. સિંહાએ કહ્યુ હતુ કે તેઓ દેશના નાણાં પ્રધાન તરીકે રહી ચુક્યા છે. સિંહાએ કહ્યુ હતુ કે તેમને એવુ લાગે છે કે તેઓ બજેટના સંબંધમાં વધારે સારી રીતે માહિતી આપી શકે છે. સિંહાએ કહ્યુ હતુ કે પાકિસ્તાનમાંથી આવેલા અન્ય એક આમંત્રણને પણ તેઓ સ્વીકારી ચુક્યા છે. સિંહા મોદી સરકારની કેટલીક નિતીઓની જાહેરમા ટિકા પણ કરી ચુક્યા છે.

સિંહાને પાર્ટીના માર્ગદર્શક મંડળમા પણ જગ્યા આપવામાં આવી હતી. જેમાં વાજપેયી, એલકે અડવાણી, મુરલી મનોહર જોશી સહિત પાંચ સભ્યો છે. માર્ગદર્શક મંડળમાં ભાજપના એવા વરિષ્ઠ નેતાઓને જગ્યા આપવામાં આવી છે જે સરકાર સાથે હાલમાં જોડાયેલા નથી. દિલ્હી વિધાનસભાના સેક્રેટરી પીકે સુર્યદેવડા કહી ચુક્યા છે કે દિલ્હીના ધારાસભ્યોને યોગ્ય માહિતી આપવા માટે સિંહા સૌથી યોગ્ય વ્યક્તિ છે.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**● સંરક્ષણ દિવાલ**

કોંગીના કામિનીબા રાઠોડે જિલ્લામાં જમીનનું ધોવાણ થતુ અટકાવવા સંરક્ષણ દિવાલ બનાવવા અંગે છેલ્લા બે વર્ષના આયોજનને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાના માણસા તાલુકાના પાંચ અને દહેગામના બે ગામોમાં સંરક્ષણ દિવાલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

માણસા તાલુકાના કોટવાલ, ડોડીપાળ, અમરાપુર(ગ્રા), અનોડિયા, બદપુરામાં તેમજ દહેગામ તાલુકાના હરસોલી અને બારડોલી (બારિયા)માં આવી સંરક્ષણ દિવાલ બનાવવામાં આવી છે.

**● બાજપાઈનગર વિકાસ યોજના**

કોંગીના બળદેવજી ઠાકોરે ૩૧-૧-૧૬ની સ્થિતિએ બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં જિલ્લાની નગરપાલિકાઓને ફાળવેલ રકમ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત જિલ્લાની એક પણ નગરપાલિકા માટે કોઈ રકમ મંજૂર કરવામાં આવી નથી.

**● મંજૂરી વગર પડેલ નોંધ**

કોંગીના બળદેવજી ઠાકોરે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઈ.ધરા કેન્દ્રમાં સક્ષમ અધિકારીની મંજૂરી વગર કેટલી નોંધ પાડવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે મંજૂરી વગર કોઈ નોંધ ઈ.ધરા કેન્દ્રમાં પડતી નથી.

સભ્યશ્રી ઠાકોરે પુછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તકરારી કેસો ૧૧૯૧, આર.ટી.એસ.ના કેસો ૧૭૦૫ અને ગણોતધારાના ૬૯૧ કેસ નોંધાયેલા છે.

# સાબરડેરી દ્વારા પ્રાંતિજના ડિલરોને દુધ છાશ ઓછું આપતા ભારે રોષ

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાબર ડેરી દ્વારા આપવામાં આવતું દુધ-છાશ ડિલરોને ઓછું આપવામાં આવતા ડિલરોની હાલત કફોડી બની અને કાયમી સબ વેપારીઓ તથા નિયમિત ગ્રાહકોના ગુસ્સાનો શિકાર બન્યા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે સાબરડેરી હિંમતનગર દ્વારા અમુલ માર્કાનું દુધ-છાશ તેના ડીલરો તથા સબ ડીલરોને પૈસા એડવાન્સમાં ભર્યા હોવા છતાં દુધ-છાશ ઓછું આપતા ડિલરોના સબ વેપારીઓ તથા અમુલ દુધ ગ્રાહકો કે રોજીંદા અમુલ દુધનો ઉપયોગ કરે છે તેવા લોકોને દુધ વગર રહેવાનો વારો આવ્યો હતો. ત્યારે કેટલાય બાળકોને પણ દુધ પીધાં વગર દિવસ વિતાવવાનો વારો આવ્યો છે ત્યારે ચાના રસિકોને પણ આજે ઘરમાં દુધ વગર ચાના દર્શન દુર્લભ થયા હતા ત્યારે આ અંગે પ્રાંતિજ ખાતેના અમુલના ડિલરો તથા સબ ડીલરો વેપારીઓનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે રોજનું જેટલું દુધ છાશ લખાવેલ હોય તેના પાંચ તકા દુધ-છાશ આવતા આ પરિસ્થિતિ ઉભી થઈ છે અને અમે સાબરડેરીમાં પેમેન્ટ એડવાન્સમાં કરેલ હોય છે છતાં ઉનાળામાં જ જયારે અમુલ સિવાયનું બીજી ગ્રાન્ડ કે છુટક દુધમાં તકલીફ હોય છે ત્યારે જ અમુલ દુધ ઓછું આવતા અમુલ ગ્રાહકોને સાબરડેરના દુધ મેનેજમેન્ટ અધિકારીઓની ભુલના કારણે દુધ વગર રહેવાનો વારો આવ્યો હતો ત્યારે પ્રાંતિજ તથા તાલુકામાં સવારથી જ અમુલ પાર્લર ઉપર કાયમી દુધ છાશ ગ્રાહકોને દુધ-છાશ નહીં મળતા દિવસ દરમિયાન તું..તું..મેં...મેં.. જેવા દશ્યો જોવા મળ્યા હતા.

## ભેટાલીની સીમમાં જીપે એક્ટીવાને ટક્કર મારતા એકનું મોત

ઈડર તાલુકાના ભેટાલી ગામની સીમમાંથી રવિવારે પસાર થઈ રહેલ એક જીપના ચાલકે રોંગ સાઈડ આવી એક્ટીવાને ટક્કર મારતા તેના ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે જાદર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગત રવિવારે જીપ નં. જીજે.૯.એમ.૬૮૧૬ના ચાલક ભેટાલીની સીમમાંથી રોંગ સાઈડે આવી એક્ટીવા નં. જીજે.૯.સીએફ.૬૦૩૦ને ટક્કર મારી હતી.જેના કારણે ઈડર તાલુકાના ભવેલ ગામના મિલીન્દકુમાર કાંતીભાઈ પટેલને ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું.



દાણીલીમડા ખાતે યુથ કોંગ્રેસ દ્વારા સ્વભાભિમાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પંજાબના અમરિન્દરસિંહ હાજર રહ્યા હતા.

# સાબરકાંઠામાં વિશ્વ હિંદુ પરીષદના હોદ્દેદારોની થયેલ વરણી

વિશ્વ હિંદુ પરીષદની ગાંધીનગર ખાતે પ્રવિણભાઈ તોગડીયાની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં વિશ્વ હિંદુ પરીષદ-હિંમતનગર જિલ્લા સાબરકાંઠા વિભાગના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી. પ્રમુખ-ભીખુસિંહ રાઠોડ, તલોદ, કાર્યાધ્યક્ષ - ડૉ. કિર્તીભાઈ રાવલ, અરોડા, ઉપાધ્યક્ષો - ગોવિંદભાઈ પટેલ, પ્રાંતિજ, નારણભાઈ શર્મા, હરસોલ, રાજેન્દ્રસિંહ ઠાકુર હિંમતનગર, મંત્રી- નટુભાઈ બારોટ, પ્રાંતિજ, સહમંત્રી- કનુભાઈ પટેલ, તલોદ, કોષાધ્યક્ષ - લલીતભાઈ પટેલ, નવાનગરકંપા, બજરંગ દળ સંયોજક - મેહુલભાઈ પટેલ, પ્રાંતિજ, બજરંગદળ સહ સંયોજકો-સુનિલભાઈ કડીયા, પ્રાંતિજ, લાલાજી ભાટ, હિંમતનગર, માતૃશક્તિ સંયોજીકા - શ્રીમતિ નર્મદાબેન પટેલ, તખતગઢ, સેવા પ્રમુખ, કરશનભાઈ પરમાર, હિંમતનગર, ગૌરક્ષા પ્રમુખ- રાજુભાઈ દેસાઈ, કાંનાની મુવાડી- તલોદ, હિન્દુ હેલ્પલાઈન સંયોજક - વિનોદભાઈ અવસ્થી, હિંમતનગર, ઈન્ડીયા હેલ્પલાઈન સંયોજક - દિલીપભાઈ ચૌધરી, હિંમતનગર, સામાજીક સમરસતા સંયોજક - કિરણસિંહ ઉદાવત, ઈડર, ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ-અરવિંદભાઈ ખમાર, પ્રાંતિજ, ધર્મ પ્રસાર સંયોજક- ભરતભાઈ રાવલ, હિંમતનગર અને સંગઠનમંત્રી ઘનશ્યામભાઈ પટેલ, ગાંધીનગરની નિમણુંકો કરવામાં આવેલ હતી. ઉપરાંત ઉત્તર ગુજરાત પ્રાંતના ધર્માચાર્ય પ્રમુખ-ભીમગીરીજી ગોસ્વામી, તખતગઢ, ઉત્તર ગુજરાત પ્રાંતના ધર્મ પ્રસાર ટીમ ઉપાધ્યક્ષ - દિલીપભાઈ ચૌધરી, સાબરકાંઠા, વિભાગ અધ્યક્ષ - સબાજી બામણીયા, નવા વડવાસા, ઉપાધ્યક્ષ - ડૉ. વાડીભાઈ પટેલ, બાયડ, મંત્રી - કીરીટભાઈ શાહ, મોડાસા, સહમંત્રી- જાલમસિંહ ઝાલા, હિંમતનગર, સેવા પ્રમુખ-અંબાલાલ સોની, હિંમતનગર, સત્સંગ પ્રમુખ, ડાહ્યાભાઈ પટેલ, બજરંગ દળ સંયોજક-વિજયભાઈ પટેલની નિમણુંકો કરવામાં આવેલ હતી.

## કામમાં રૂકાવટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંભાળતી એજન્સીના વાહનો અટકાવાતા કામ ખોરંભે પડયુ છે. જયારે બીજીતરફ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં પણ વિલંબ થતા એજન્સી માટે કામ કરવાનુ મુશ્કેલ બન્યુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં ખ માર્ગનુ કામ અટવાયુ છે. ખ માર્ગ પર એકસાઈડ કામ કરવા માટે વાહનોની અવરજવર અટકાવાનુ અનિવાર્ય હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે હાલ સંબંધિત એજન્સી માટે જ અડચણ ઉભી થઈ હોવાનુ ધ્યાને આવ્યુ છે.